GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
GCCI
ગુજરાત વેપારી મહામંડળ

# Gujarat Chamber of Commerce & Industry

Azadi Ka Amrit Mahotsav

Pathik Patwari, President | Ajay Patel, Sr. Vice President | Yogesh Parikh, Vice President | Anil Jain, Hon. Secretary | Dilip Padhya, Hon. Secretary (R) | Apurva Shah, Hon. Treasurer


૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ / 28201

**શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા**
માનનીય ઉદ્યોગ,વન, પર્યાવરણ અને
ક્લાઇમેટ ચેન્જ વિભાગના મંત્રીશ્રી (રાજ્યકક્ષા)
ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૧
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષયઃ ગુજરાતના ઉદ્યોગોના પ્રદુષણ બાબતના પ્રશ્નો ઉકેલવા બાબત.**

**માનનીય મંત્રીશ્રી,**

સવિનય જણાવવાનું કે આપના દ્વારા ગુજરાતના ઉદ્યોગોના પ્રદુષણ બાબતના પ્રશ્નોની રજૂઆતો માટે ખૂબજ સાનુકૂળ પ્રતિભાવ આપવામાં આવેલ છે. આપના દ્વારા ઉદ્યોગ મંડળો, જીપીસીબી સાથે વખતો વખત પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા પણ હાથ ધરવામાં આવેલ છે. આપના સંનિષ્ઠ પ્રયાસોના ફળસ્વરૂપે હાલમાં જીપીસીબી દ્વારા એન્વાયર્નમેન્ટ ફી માં ઘટાડો તેમજ ગેરકાયદેસર રીતે વેસ્ટ વહન કરતા જપ્ત કરાયેલ ટેન્કરોને છોડવા બાબતની નવી ગાઇડલાઇન બહાર પાડવામાં આવેલ છે. આનાથી સમગ્ર ઉદ્યોગ જગતે આનંદની લાગણી અનુભવી છે.

આપના દ્વારા ઉદ્યોગોના પ્રશ્નો હલ કરવામાં જે પ્રસંશનીય કામગીરી કરવામાં આવી છે તે બદલ અમો આભારની લાગણી વ્યકત કરીએ છીએ. ભવિષ્યમાં પણ આપના દ્વારા એવોજ સહકાર મળતો રહેશે તેવી આશા સાથે ફરીથી આપનો ખૂબ ખૂબ આભાર.

આપનો વિશ્વાસુ,

**પથિક પટવારી**
**પ્રમુખ**

**<u>નકલ રવાના :</u>**
**શ્રી આર. બી. બારડ, IAS,**
ચેરમેન, ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ, પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.


Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India
+91-79-2658 2301/2/3/4/5
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org
GCCIAhmedabad